# જાહેરાત અને નિયમો

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ સંચાલીત અને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી સંલગ્ન લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય, સણોસરાને ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી ગાંધીનગર દ્વારા તારીખ ૧૨/૧૧/૨૦૨૦ ના રોજ મળેલ એન.ઓ.સી. ક્રમાંક ગ્રા.વિ./NOC/૨૦/૯૪૭–૫૦ મુજબ નીચે મુજબના સ્ટાફની ભરતી માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | શૈક્ષણિક લાયકાત | કેટેગરી | વય મર્યાદા | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સંશોધન મદદનિશ | ૧ (એક) | બી.આર.એસ. પ્રથમ વર્ગ અથવા બી.એસ.સી. (એગ્રી )પ્રથમ વર્ગ | બીન અનામત | ૧૮ થી ૩૫ વર્ષ | પ્રથમ પાંચ વર્ષ માટે ફીકસ પગાર |

૧. ઉમેદવારે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૧૩/૮/૨૦૦૮ તેમજ ૧૮/૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર –૧૦–૨૦૦૭–૧૨૦૩૨૦ –ગ.૫.થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક જ્ઞાન ધરાવતા હોવા અંગેનું માન્ય તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનિવીર્સટી અથવા સંસ્થામાં ડિગ્રી કે ડિપ્લોમા અથવા સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ ૧૦ /૧૨માં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોવા જોઈએ. આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણુંક સત્તાધીકારી સમક્ષ કોમ્પ્યુટર બેઝિક નોલેજની પરિક્ષા પાસ કર્યાનું આવુ પ્રમાણપત્ર નિમણુંક મેળવતા પહેલા અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણુંક સત્તાધીકારી આવા કિસ્સામાં ઉમેદવારની પસંદગી " રદ" કરી શકશે.

૨. નાણાં વિભાગના તારીખ ૧૮/૧/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૬/પાર્ટ ૨/ઝ/૧ની જોગવાઈ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે ફિકસ પગાર મળવા પાત્ર થશે. વધારાના કોઈ જ ભથ્થા મળવા પાત્ર નથી.

૩. આ જગ્યા પર નિમણુંક પામનારે ગ્રામવિદ્યાપીઠ સંસ્થાના કેમ્પસ પર ફરજીયાત રહેવાનું રહેશે. અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહી.

૪. આ જગ્યા પર નિમણુંક પામનારે સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા તા. ૨૧/૦૪/૯૪ના ઠરાવથી ગ્રામવિદ્યાપીઠોના કર્મચારી માટે નિયત થયેલ આચારસંહિતાનું પાલન કરવાનું રહેશે. અને તે માટેનું બાંહેધરી પત્ર નિમણુંક મેળવતા પહેલા આપવાનું રહેશે.

૫. પાંચ વર્ષ માસિક ઉચ્ચક પગારની નોકરી પૂર્ણ થયે તેમની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજૂર થયેલ પગાર ધોરણમાં લઘુત્તમ પગારમાં નિમણુંક આપવામાં આવશે. પરંતુ આવા ઉમેદવારે અગાઉ કરેલ પાંચ વર્ષની નોકરી સેવા વિષયક કોઈપણ હેતુ અર્થે ધ્યાને લેવામાં આવશે નહી. તેમજ મંજૂર પગાર ધોરણવાળી નોકરી સાથે જોડવામાં આવશે નહી.

(જિ. ભાવનગર)

નિયામક
લોકસેવા મહાવિદ્યાલય
લોકભારતી - સણોસરા.

૬. આ જગ્યા હેઠળ નિમણુંક પામનારને નિયત પગારમાં સમાવ્યા તારીખથી સરકારશ્રીના નાણા વિભાગના તારીખ ૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક : નપન –૨૦૦૩–જીઓઆઈ–૧૦–પી તથા તેને આનુષંગીક ઠરાવોને આધીન નવ વર્ધિત પેન્શન યોજના લાગુ પાડવામાં આવશે.

૭. જો ગ્રામવિદ્યાપીઠમાં સંખ્યા ઘટે અથવા અન્ય કોઈ કારણસર ગ્રામવિદ્યાપીઠ બંધ થાય તો આ યોજના હેઠળ નિમણુંક પામેલા કર્મચારીઓને છૂટા કરવામાં આવશે અને તેને ફાજલનું રક્ષણ મળી શકશે નહી.

૮. આ જગ્યા હેઠળ નિમણુંક પામનારને સમાન સંવર્ગના અધિકારી/કર્મચારીએ જે ફરજો બજાવવાની થતી હોઈ તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં જે સમય નિયત હોય તે પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટટાઈમ નોકરી કરી શકશે નહી. જાહેર રજાના દિવસોએ પણ સરકારની /સંસ્થાની કામગીરીની જરૂરીયાતોને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

૯. આ જગ્યા પર નિમણુંક પામનારને પાંચ વર્ષ દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજા, જાહેર રજા અને ગ્રામવિદ્યાપીઠના વેકેશન સિવાયની કોઈ પણ પ્રકારની રજા મળવા પાત્ર થશે નહી. તે સિવાય અન્ય રજા ભોગવશે તો રજાનો પગારની કપાત કરવાની રહેશે. મહિલા કર્મચારીઓના રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવા પાત્ર થશે.

૧૦. પાંચ વર્ષના સમયગાળાના ઉચ્ચક વેતનથી નિમણુંક પામેલ કર્મચારીને સંસ્થાના મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઈ હકક પ્રાપ્ત થશે નહી.

૧૧. સરકારશ્રી તરફથી વહીવટી હીતમાં બીજી કોઈ પણ જરૂરી શરતો નકકી થાય તે બંધન કર્તા રહેશે.

**શૈક્ષણિક લાયકાત :**

૧. સંશોધન મદદનીશ : બી.આર.એસ. પ્રથમ વર્ગ અથવા બી.એસ.સી. (એગ્રી ) પ્રથમ વર્ગ

**વય મર્યાદા :** ૧૮ થી ૩૫ વર્ષ .મહિલાઓને વધારાના પાંચ વર્ષ ની છુટછાટ મળવા પાત્ર છે.

**પરીક્ષા પધ્ધતિ :**

નિયત સમય મર્યાદામાં મળેલ અરજી ઓની પ્રાથમિક ચકાસણી કર્યા બાદ લાયકાત ધરાવતા ઉમેદવારોની યાદી વેબસાઈટ પર મુકવામાં આવશે તેઓએ (૧)પ્રથમ ભાગમાં લેખિત સ્પર્ધાત્મક કસોટી (OMR) પધ્ધતિથી ૨૦૦ ગુણની લેવામાં આવશે. ત્યાર બાદ બીજા તબકકામાં લેખિત પરિક્ષાના પરિણામને આધારે કુલ જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોએ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ( કોમ્પ્યુટર કાર્યક્ષમતા) ૧૦૦ ગુણની ટેસ્ટ લેવાશે. એમ બંને કસોટીમાંથી મેળવેલ સંયુકત ગુણના મેરીટસ આધારે મેરીટ યાદી /પ્રતીક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

લોકસેવા મહાવિદ્યાલય, જિ. ભાવનગર, લોકભારતી સણોસરા

નિયામક
લોકસેવા મહાવિદ્યાલય
લોકભારતી - સણોસરા.

c/145

ભાગ ૧ :

લેખિત કસોટી : (OMR) પ્રશ્નપત્ર ગુણ : ૨૦૦ સમય બે કલાક

**સંશોધન મદદનીશની જગ્યા માટે :**

| | | |
|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન–ગુજરાતનો ઈતિહાસ, ભુગોળ અને સંસ્કૃતિ,ભારતનું બંધારણ, રમતગમત, સામાન્યજ્ઞાન, ટેસ્ટ ઓફ રીઝનીંગ,પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતિરાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ, ગાણિતિક કસોટીઓ | ૪૦ |
| ૨ | ગુજરાતી સાહિત્ય , ગુજરાતી વ્યાકરણ | ૨૦ |
| ૩ | અંગ્રજી વ્યાકરણ | ૨૦ |
| ૪ | જગ્યાની તાંત્રિક જાણકારી અને ગ્રામવિદ્યાપીઠ શિક્ષણ, બુનિયાદી તાલીમ | ૧૨૦ |

નોંધ :

૧. સ્પર્ધાત્મક પરીક્ષા Multiple Choice Question (MCQ) અને Optical Mark Read (OMR) પધ્ધતિની રહેશે.

૨. ઉમેદવારે બધા જ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૩. દરેક પ્રશ્ન બે ગુણનો રહેશે.

૪. ખોટા જવાબ દીઠ, છેકછાક વાળા કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલ જવાબદીઠ કે જવાબ ન આપેલ હોય તેના મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્ક લાગુ પડશે.

૫. દરેક પ્રશ્નના જવાબમાં એક વિકલ્પ "E" Not attempted રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નના જવાબ ન આપવા ઈચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે. અને તેના માટે કોઈ નેગેટીવ માર્કસ લાગુ નહી પડે.

૬. સ્પર્ધાત્મક કસોટીમાં ઉતીર્ણ થનાર ઉમેદવારોને ભાગ ૨ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી કસોટી માટે બોલાવવામાં આવશે. કુલ ખાલી જગ્યાના આધારે ત્રણ ગણા ઉમેદવારોને કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી કસોટી માટે બોલાવવામાં આવશે.

ભાગ : ૨ **કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી કસોટી**

ગુણ :૧૦૦ સમય : ૧ કલાક

| | | |
|---|---|---|
| ૧ | ગુજરાતી ટાઈપીંગ કસોટી | ૨૦ |
| ૨ | અંગ્રજી ટાઈપીંગ કસોટી | ૨૦ |
| ૩ | કોમ્પ્યુટર ઉપયોગીતાના સંદર્ભમાં પ્રેક્ટીકલ | ૬૦ |

જિ. ભાવનગર



નિયામક
લોકસેવા મહાવિદ્યાલય
લોકભારતી - સણોસરા.

c/147

સામાન્ય શરતો :

૧. ગ્રામવિદ્યાપીઠો માટેની આચારસંહિતાનો અભ્યાસ કરી તે પ્રમાણેની તૈયારી હોય તે જ અરજી કરે.

૨. ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અને તેના પુરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે. અન્યથા ઉમેદવારી જે તે સમયે જ રદ ગણાશે.

૩. સરકારીશ્રીની ભરતી માટે કોઈ પણ વિભાગ દ્વારા ગેરલાયક ઠરેલ ઉમેદવારો અરજી કરી શકશે નહી.

૪. ઉમેદવારે અરજી પત્રકમાં બતાવેલ કોઈ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા ભવિષ્યમાં કોઈપણ સમયે ચકાસણી દરમ્યાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી અને નિમણૂંક રદ કરવામાં આવશે.

૫. પસંદગી પામેલ ઉમેદવારે નિમણૂંક અધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

૬. ભરતી પ્રક્રિયા અંગે રાજય સરકાર જે નિયમો ઘડે તે બંધન કર્તા રહેશે.

૭. ઉમેદવારે અરજી સાથે ૧૦૦ રૂપિયા પ્રોસેસ ફીનો ડીડી <u>આચાર્યશ્રી લોકસેવા મહાવિદ્યાલય</u>, સણોસરાના નામનો જોડવાનો રહેશે.

૮. નિયત શૈક્ષણિક લાયકાત અને ફી સિવાયની અને સમય મર્યાદા પછી આવેલ અરજી ગ્રાહય રહેશે નહી.

**અરજી કરવાનું સરનામું :**

આચાર્યશ્રી /નિયામકશ્રી
લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય, સણોસરા
તા. શિહોર જિ.ભાવનગર, પીન. ૩૬૪૨૩૦

જિ. ભાવનગર

નિયામક
લોકસેવા મહાવિદ્યાલય
લોકભારતી - સણોસરા.